Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

98

# બી.એડ. કોલેજના પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષણના ખાનગીકરણ પ્રત્યેનું મનોવલણ

**મિનલ આર. ખાચર**

**એમ.એ., એમ.એડ.**

**પીએચ.ડી. સ્કોલર**

## સારાંશ

શિક્ષણ એ આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં કોઈપણ દેશ, સમાજ કે વ્યક્તિના વિકાસ માટેની પાયાની અને આગવી જરૂરિયાત છે. સરકારની બીજી જવાબદારીઓના બોજના કારણે શિક્ષણમાં ખાનગીકરણની મંજૂરી અને ખાનગીકરણના પરિણામે ગુણવત્તા, ફીનું ધોરણ, સંચાલન અને જરૂરિયાતના સંદર્ભમાં ખાનગીકરણ પ્રત્યે બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓનું વલણ માપવા માટે વલણ માપદંડનો ઉપકરણ તરીકે ઉપયોગ (પ્રયોગ) કરી ૩૧૮ નમૂનાના પાત્રો પાસેથી માહિતી એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન ટી–કસોટી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસના તારણો આ મુજબ હતા. કુમારો કરતા કન્યાઓનું ખાનગીકરણ પ્રત્યેનું ઊંચુ મનોવલણ જોવા મળેલ હતું.

## ૧.૦ પ્રસ્તાવના

શિક્ષણના દરેક સ્તરે પછી તે પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક શિક્ષણ હોય કે ઉચ્ચ શિક્ષણ, વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘણો મોટો વધારો થયેલો જોવા મળે છે. એક બાજુ શિક્ષણમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે, તો બીજી બાજુ શિક્ષણનું ખર્ચ દિન–પ્રતિદિન વધતું જાય છે. પરિણામે સરકાર હયાત પદ્ધતિને નિભાવી શકવા સક્ષમ જણાતી ન હતી. પરિણામે સરકારે ૧૯૯૧ના આર્થિક સુધારાઓ અન્વયે અન્ય ક્ષેત્રોનાં ખાનગીકરણની સાથે શિક્ષણનું પણ ખાનગીકરણ કર્યું. પરિણામે ખાનગી શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

અર્થતંત્રના વૈશ્વિકીકરણ અને માહિતી ક્રાંતિના સંદર્ભમાં સમયની માંગને અનુરૂપ ઝડપથી બદલાતી જતી પરિસ્થિતિ અને પડકારોને પહોંચી વળવા શિક્ષણ પદ્ધતિમાં ઉપર્યુકત પરિવર્તન જરૂરી હતું. પણ અર્થતંત્રના અન્ય ક્ષેત્રોની જેમ શિક્ષણમાં ખાનગીકરણ જાદુઈ પરિણામ લાવી શકયું નથી. ગરીબ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મોંઘુ બની ગયું છે. છતાં શિક્ષણમાં ખાનગીકરણ એ બદલાતાં સમયમાં અનિવાર્ય પરિવર્તનની રીતે ધીમે ધીમે સ્થિર થવાની પ્રક્રિયામાં છે. આજે શિક્ષણના ખાનગીકરણને દોઢ દાયકાથી વધુ સમય થઈ ચુકયો છે, ત્યારે બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણના ખાનગીકરણ પ્રત્યે કેવું વલણ ધરાવે છે ? તે જાણવા પ્રયોજકે પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.

## ૧.૧ હેતુઓ

શિક્ષણનાં ખાનગીકરણ પ્રત્યેનાં મનોવલણો જાણવાના કાર્યને નજર સમક્ષ રાખીને પ્રયોજકે નીચે મુજબનો હેતુ નક્કી કર્યો હતો.

૧. બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષણનાં ખાનગીકરણ પ્રત્યેનું મનોવલણ પર જાતીયતા (કુમાર અને કન્યા)ની અસર તપાસવી.

## ૧.૨ શૂન્ય ઉત્કલ્પના

૧. કુમારો અને કન્યાઓના શિક્ષણના ખાનગીકરણ પ્રત્યેનાં મનોવલણ માપદંડ પરના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૧.૩ ચલ

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા લેવામાં આવી હતી. તેની બે કક્ષાઓ (૧) કુમાર અને (૨) કન્યા.

પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે ખાનગીકરણ પ્રત્યેનું મનોવલણ હતું.

## ૧.૪ વ્યાવહારિક વ્યાખ્યા

**મનોવલણ.** મનોવલણ એ અમુક વસ્તુ કે પરિસ્થિતિ પ્રત્યે વિશિષ્ટ રીતે વિચારવાની, લાગણી અનુભવવાની અને પ્રતિક્રિયા કરવાની પૂર્વવૃત્તિ છે.

**શિક્ષણના ખાનગીકરણ પ્રત્યેનું મનોવલણ.** શિક્ષણના ખાનગીકરણની ગુણવત્તા, જરૂરિયાત અને સંચાલનના સંદર્ભમાં લિકર્ટ પદ્ધતિએ મનોવલણ માપદંડ રચવામાં આવ્યો હતો. આ માપદંડમાં સંપૂર્ણ સહમત,

સહમત, તટસ્થ, અસહમત અને સંપૂર્ણ અસહમત એવા પાંચ વિકલ્પો વડે પ્રશિક્ષણાર્થીઓનાં પ્રત્યેક વિધાન પરના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. આ પ્રાપ્તાંકોનો સરવાળો એટલે પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષણના ખાનગીકરણ પ્રત્યેનું મનોવલણ.

**વલણાંક.** લિકર્ટ પદ્ધતિએ રચવામાં આવેલ વલણ માપદંડ પર પ્રશિક્ષણાર્થીઓએ મેળવેલ કુલ પ્રાપ્તાંકને વલણાંક કહેવામાં આવ્યા હતા.

**શિક્ષણનું ખાનગીકરણ.** શિક્ષણના ખાનગીકરણમાં અહીં માત્ર એવી સંસ્થાઓનો સમાવેશ કરેલ જેને પોતાના ખાનગી ટ્રસ્ટો હોય અને જે સ્વનિર્ભર હોય.

## ૧.૫ સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર માપન અને મૂલ્યાંકન હતું.

## ૧.૬ સંશોધનનો પ્રકાર

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર વ્યવહારુ સંશોધન અને સંખ્યાત્મક સંશોધન હતું.

## ૧.૭ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ શહેરની બી.એડ્. કોલેજોમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ૧.૮ નમૂના પસંદગી

સંશોધકે નમૂના તરીકે રાજકોટ શહેરની વિવિધ બી.એડ્. કોલેજોમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓમાંથી ૩૧૮ પ્રશિક્ષણાર્થીઓ નમૂના તરીકે પસંદ કરેલ હતા.

## ૧.૯ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ પ્રકારનું હતું.

## ૧.૧૦ ઉપકરણ સંરચના

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષણના ખાનગીકરણ પ્રત્યેનું મનોવલણ માપવા માટે વલણ માપદંડનો ઉપયોગ પ્રયોજક દ્વારા કરેલ હતો.

## ૧.૧૧ માહિતીનું એકત્રીકરણ

સંશોધકે પસંદ કરેલ બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ પાસે જઈ પોતાના સંશોધન કાર્ય અંગેનો હેતુ સ્પષ્ટ કરી શિક્ષણના ખાનગીકરણ પ્રત્યેનું વલણ માપદંડ ભરી આપવા માટે મંજૂરી મેળવી વલણમાપદંડ પર બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓના પ્રતિચાર મેળવવામાં આવ્યા હતા.

## ૧.૧૨ માહિતીનું પૃથક્કરણ

સંશોધકે બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષણના ખાનગીકરણ પ્રત્યેનું વલણ જાણવા અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં ૩૧૮ પ્રશિક્ષણાર્થીઓ પાસેથી જે માહિતી પ્રાપ્ત થઈ તે શૂન્ય ઉત્કલ્પના મુજબ આ રીતે રજૂ કરવામાં આવી છે.

**સારણી–૧**

**જાતીયતા અનુસાર પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા, સરાસરી, પ્રમાણવિચલન અને ટી–મૂલ્ય**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુમાર | ૧૫૮ | ૭૨.૨૩ | ૧૧.૮૨ | ૪.૦૯૬ | સાર્થક છે |
| ૨ | કન્યા | ૧૬૦ | ૭૭.૨૭ | ૧૦.૦૩ | | |

સારણી–૧ના અભ્યાસ પરથી કહી શકાય કે કુમારોની સંખ્યા ૧૫૮ અને કન્યાઓની સંખ્યા ૧૬૦ હતી. જેમાં કુમારોની સરાસરી ૭૨.૨૩ અને કન્યાઓની સરાસરી ૭૭.૨૭ હતી. તેમજ કુમારોનું પ્રમાણવિચલન ૧૧.૮૨ અને કન્યાઓનું પ્રમાણવિચલન ૧૦.૦૩ હતું. જેનું ટી–મૂલ્ય ૪.૦૯૬ હતું જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું જેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થતો નથી.

## ૧.૧૩ તારણ

રાજકોટ શહેરની બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષણના ખાનગીકરણ પ્રત્યેનું ઊંચુ મનોવલણ જોવા મળેલ હતું. કુમારો કરતા કન્યાઓનું ખાનગીકરણ પ્રત્યેનું ઊંચુ મનોવલણ જોવા મળેલ હતું.

**સંદર્ભસૂચિ**

ઉચાટ, ડી.એ. (૨૦૧૨). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.** (દ્વિતીય આવૃતિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). **સંશોધનનું સંદોહન.** રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૯–૨૦૦૬). **સંશોધનોનો સારાંશ.** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). **સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?** રાજકોટ : નિજિજન સાયકો સેન્ટર.

પારેખ, બી. યુ. અને ત્રિવેદી, એમ. ડી. (૧૯૯૪). **શિક્ષણમાં આંકડાશાસ્ત્ર (ચતુર્થ આવૃત્તિ).** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.